શુભ સ્વાગતમ્

# ઉપવન



અનમોલ ગ્રૂપના ટહુકે
શાળા મુંબઇના આંગણે

## મારી શાળા,મારું ઉપવન

સંસ્થા સંચાલક : લાભુભાઈ સોનાણી

શુભ સ્વાગતમ્

# ઉપવન



અનમોલ ગ્રૂપના ટહુકે
શાળા મુંબઇના આંગણે

## મારી શાળા,મારું ઉપવન

સંસ્થા સંચાલક : લાભુભાઈ સોનાણી

# ઉપવન

બાગ, બગીચા કે ઉપવન સુંદર મજાના મઘમઘતા પુષ્પોની ચાડી ખાય છે અર્થાત્ આ પ્રકારના ક્ષેત્રોમાં સૌ કોઈના મન હરી લે તેવા સુવાસિત પુષ્પો ખિલખિલાટ કરી અનેકના જીવનમાં પોતાની સુવાસ પાથરી આનંદિત કરતા હોય છે. તેવા જ સુવાસિત અનોખા પુષ્પોને આવકારી તેના વિકાસની યાત્રમાં જોડાઇએ.

પ્રવાસ અને પર્યટન મનને આહ્લાદક આનંદ આપતા હોય છે. આવા જ એક ઉપક્રમના ભાગરૂપે ૦૫-૦૮ -૨૦૧૮ના રોજ ભાવનગર શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાના પ્રાંગણમાં જવાનું થયું. જોકે આ દિવસ 'વિશ્વ ફ્રેન્ડશિપ ડે'તરીકે ઉજવાઇ રહયો હતો. તેના જ ભાગરૂપે અમોને આ બાળકો સાથે મિત્રતા બાંધવાનું મન થયું.

તેજસ્વી પ્રતિભા, સંગીતની સૂરાવલિ, નૃત્યકલા જોઇ- અમો સૌ ચકિત થઇ ગયાં. બપોરના લગભગ ૧૧ કલાકે આરંભાયેલો વિવિધલક્ષી કાર્યક્રમ માણવામાં કેટલો સમય વિતિ ગયો તેની સમજ સુધ્ધાં ન રહી. સાંજના સાડા છ ની બાંદ્રા ટ્રેન મુંબઇ પહોંચવા અમારે સૌને પકડવી અનિવાર્ય હતી, તેથી મનોમન કાયમી સંબંધનો સંકલ્પ લઇ ભારે હૃદયે શાળાનું પ્રાંગણ છોડવા પગ ઊપાડયા.

આજે બાળકોને મુંબઇ દર્શન અને સાંસ્કૃતિક ઉન્મેષોને મુંબઇમાં પ્રસ્તુત કરવાનું વચન પૂર્ણ કરવાની ઘડી આવી ગઇ છે. તેમા આપ સૌ જોડાયા છો તેનો અમોને આનંદ છે.

આજ આનંદ બહુ ઊભરાય,
મહેમાન સૌ આવોને.
હૈયું નાચે ને મુખ મલકાય,
મહેમાન સૌ આવોને.
રાહ જોઉં છું તમારી ઘણી-ઘણી,
આવોને મહેમાન તમે દોડી દોડી;
સ્વગત કરું છું આજ,
મહેમાન સૌ આવોને.
કેસર કુમકુમના પગલે પધારો તમે,
આંગણિયે આવીને ઊભા રહો તમે;
શબ્દ મોતીડે વધાવું આજ,
મહેમાન તમે આવોને.

-અનમોલ ગ્રૂપ મુંબઇ

શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા ૦૬-૦૧-૧૯૩૨માં પ્રજાવત્સલ મહારાજા કૃષ્ણકુમારસિંહજી મુંબઈમાં પ્રજ્ઞાચક્ષુઓને શિક્ષણ આપતી વિકટોરિયા મોમોરિયલ સ્કૂલ ફૉર

ધ બ્લાઈન્ડની મુલાકાત દરમિયાન ભાવનગર રાજના ઉમરાળા ગામનો મૂળ વતની પ્રજ્ઞાચક્ષુ નટુ દોલત ઓઝા પરિચયમાં આવ્યા. તેમની પ્રતિભાથી પ્રભાવિત થઈ મહારાજા કૃષ્ણકુમારસિંહજીએ નટુ સાથે સંવાદ કરી પ્રજ્ઞાચક્ષુઓ કેવી રીતે શિક્ષણ મેળવે છે ? તેમના માટે ભાવનગર રાજમાં આવી શાળા શરૂ કરવી હોય તો કેવી રીતે આગળ વધવું-તેવી અનેક મંત્રણાના અંતે તેમણે ભાવનગરમાં આવી શાળા શરૂ કરવા તેને આમંત્રણ આપ્યું.

ભાવનગરના શ્રેષ્ઠીઓને બોલાવી તાબડતોબ કમિટીની રચના કરવામાં આવી. પ્રજ્ઞાચક્ષુઓને શિક્ષણ આપવા માટે શાળા શરૂ કરવા છગનદાસ શાહ ઉર્ફે લોઢાવાળા આગળ આવ્યા. તેમણે પોતાનો બંગલો વગર ભાડે શાળા ચાલવવા નિમાયેલ વર્કિંગ કમિટીને સુપ્રત કર્યો અને એ રીતે ભાવનગરમાં આજે જે કાર્યરત છે તે શાળાનો પાયો નંખાયો.

આ શાળામાં આજે બાળમંદિરથી શરૂ કરી ધો.૧૨ સુધીનું શિક્ષણ રાજય કે રાજય બહારના પ્રવેશ પામતા પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે આપવામાં આવે છે. એટલું જ નહીં આવા વિદ્યાર્થીઓ માટે કેટલાક તાલીમી અભ્યાસક્રમો પણ સંસ્થા દ્વારા ચલાવવામાં આવે છે. જેવા કે ઈલેકિટ્રક મોટર

રિવાઈંડિંગ, કેન-નાઈલોન ઍન્ડ કોયર વર્ક, કૉમ્પ્યૂટર, સંગીત, હૉમ સાયન્સ જેવા અનેક અભ્યાસક્રમો ઉપરાંત નાનીમોટી ગૃહઉદ્યોગને લગતી તાલીમ અભ્યાસની સાથોસાથ આપવામાં આવે છે. જેવી કે મીણબત્તી, અગરબત્તી, પેપરબેગ, પેપર ડિશ, ગૃહ સુશોભનની વિવિધ ચીજ વસ્તુઓ, ગરબા, રાખડી વગેરે તૈયાર કરવાની તાલીમ આપવામાં આવે છે.

શાળાનો ધ્યેય પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીને સામન્ય વ્યકિત જેવો સબળ, કર્મનિષ્ઠ, સમાજ ઉપયોગી બને તેવું ઘડતર કરી તેનું બહુમુખી વ્યકિતત્વ નિખારી સામાન્ય વ્યકિત સાથે કદમ સાથે કદમ મેળવી શકે. સમાજને ઉપયોગી બની શકે તેવું શિક્ષણ, તાલીમ પૂરી પાડી તે સફળતા મેળવી શકે તેવું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવાનો પ્રયાસ છે. આ શાળા માત્ર નિશ્ચિત પાઠયક્રમને અનુસરી શિક્ષણ આપતી શાળા બનવા ઈચ્છતી નથી. તે વિદ્યાર્થીઓની સુષુપ્ત શકિતઓને શોધી કાઢી તેને વિકસાવવા માંગે છે. જે રીતે પારસમણિ લોખંડમાં છુપાયેલી સુવર્ણ ધાતુ ખોળી કાઢે છે તે જ રીતે આ શાળાના શિક્ષણકાર્ય સાથે સંકળાયેલા પ્રત્યેક શિક્ષકો વિદ્યાર્થીના અંતરમાં પ્રગટતા અજવાળાની જયોત નિહાળી આ પ્રજ્વલિત જયોતને વધુ તેજસ્વી બનાવવા મથતા રહે છે. એટલે જ રાજયમાં એસ.એસ.સી. અને એચ.એસ.સી. બોર્ડની જાહેર

પરીક્ષામાં સામાન્ય વિદ્યાર્થીઓ સાથે સ્પર્ધામાં ઊભા રહી વર્ષોથી ૧૦૦% પરિણામ મેળવવાનો સીલસીલો આ શાળાએ જાળવી રાખ્યો છે. જે રીતે દીવાને પ્રજ્વલિત રાખવા તેમા દીવેલ પૂરતા રહેવું પડે છે તે જ રીતે શાળાની પ્રવૃત્તિઓની પ્રગતિ જ્યોતને જીવંત રાખવા અનેક ઉદારદિલ દાતાઓ પોતાનું યોગદાન આપી રહયા છે. આ શાળામાં દર વર્ષે અવનવા લોકો જોડાતા રહે છે. જેના કારણે ૮૭ વર્ષની યાત્રા શાળાએ અનેક તડકાછાંયા વચ્ચે અવિરત ચાલતા રહી પૂરી કરી છે. આ યાત્રામાં આપ સૌ જોડાતા રહેશો તેવી મને શ્રદ્ધા છે. આ શાળા એટલે–

સુંદર મજાની શાળા મારી,
સોહામણી દેખાય છે.
વિદ્યા શી વર્ષા વડે,
અહીં સૌ કોઈ ભીંજાય છે. સુંદર મજાની...
અહીં પાંગરી પારિજાતનાં પુષ્પો,
ચોમેર મહેકાય છે.
અહીં એક નહીં અનેક માળી,
નિત પાણી પાય છે. સુદર મજાની...

ઉપરોકત પંકિતમાં એટલું જ કહેવાનું છે કે આ શાળા એટલી સુંદર પ્રવૃત્તિઓ કરી રહી છે કે જેમણે દૃષ્ટિના દ્વાર ગુમાવ્યા

છે એવા શાળામાંથી શિક્ષિત થયેલા અનેક લોકો કહે છે કે, ‘‘આંખની ઉણપ નથી, કારણ કે અમને અમારી શાળામાં ‘બંધ આંખે, પ્રગતિની પાંખે’ જીવનયાત્રા કેવી રીતે આગળ વધારી શકાય તે શીખવ્યું છે. આજે અમે રાજયની પ્રાથમિક શાળામાં, માધ્યમિક શાળામાં શિક્ષક તરીકે સામાન્ય બાળકોને શિક્ષણ આપવામાં સફળ થયા છીએ.’’ તો કોઈ કહે છે, જયાં પાઈ–પાઈની ગણતરી થાય છે એવું વાણિજય એકમ એટલે બેંક. બેંકમાં પણ અમે દૃષ્ટિ ગુમાવ્યા પછી પણ કામ મેળવી શકયા છીએ–તે સફળતા પણ અમારી શાળામાં મળેલા શિક્ષણ અને તાલીમની છે. કેટલાક ઉત્પાદનક્ષેત્રે પણ પોતાની ફરજ બજાવી રહયા છે. રોજગાર અને સ્વાવલંબનનો મંત્ર લઈ સમાજમાં સ્થાપિત થયેલા શાળાના અનેક પૂર્વ વિદ્યાર્થીઓ ગૌરવપૂર્વક પોતાનું જીવન ગુજારી રહ્યા છે. આ બધી યાત્રામાં અનેક લોકોનો ટેકો મળ્યો છે. એટલે જ કહયું છે કે, ‘‘અહીં એક નહીં અનેક માળી નિત પાણી પાય છે.’’ આપ પણ અમારી આ યાત્રામાં જોડાઈ પુસ્તિકામાં કરવામાં આવેલ અપીલ મુજબ પોતાનો યત્કિંચિત આર્થિક સહયોગ કરી અમારા કર્મયજ્ઞને પ્રજ્વલિત રાખવા આપના આર્થિક સહયોગ રૂપી આહુતિ આપશો.

લાભુભાઈ સોનાણી
સંસ્થા સંચાલક (જનરલ સેક્રેટરી)

# "વનપ્રવેશે પ્રેરક વાર્તાલાપ"
## શ્રી લાભુભાઈ ટી. સોનાણી

સંકલન - મહેન્દ્રકુમાર પટેલ
માર્ગદર્શન - ઘનશ્યામભાઈ બારૈયા (આચાર્ય)

પ્રસ્તાવના -

આજનો સમય સોશિયલ મીડિયાનો સમય છે. તેનાં ઘણા બધા પ્લેટફોર્મ છે. તે પૈકીનું એક એટલે યુ ટયુબ. યુ ટયુબ પર 'દિન વિશેષ શ્રાવ્ય'નામની શ્રેણી શ્રી નીતેશભાઈ સુખડિયા ચલાવે છે. તેમાં દરરોજ દિન મહિમા વિશે શ્રાવ્ય શ્રેણી પ્રસ્તુત થતી હોય છે. જેમાં સમાજ માટે સારા કાર્ય કરતા સામાજિક કાર્યકરો, નામાંકિત વ્યકિતઓ, કલાકારો, કવિઓ, ક્રિકેટરો, સાહિત્યકારો, વૈજ્ઞાનિકો ઉપરાંત વિશ્વભરમાં ઉજવાતા દિવસો વિશે વાર્તાલાપો, ઈન્ટરવ્યૂ, ચર્ચાઓ-શ્રાવ્ય સ્વરૂપે પ્રસ્તુત કરવામાં આવે છે અને અનેક લોકો યુ ટયુબના માધ્યમથી આ શ્રેણી સાથે જોડાયેલા હોય છે.

આજે તારીખ : ૧૫-૦૩-૨૦૧૮ 'દિન વિશેષ શ્રાવ્ય' શ્રેણીમાં શ્રી નીતેશભાઈ સુખડિયા દ્વારા શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગશાળા અને શ્રી રાષ્ટ્રીય અંધજન મંડળ ભાવનગર જિલ્લા શાખાના જનરલ સેક્રેટરી એવા પ્રજ્ઞાચક્ષુ શ્રી લાભુભાઈ ટી. સોનાણીનાં જન્મ દિવસે તેમની મુલાકાત અને પ્રશ્નોત્તરીને શાબ્દિક સ્વરૂપે પણ માણીએ.

## "વનપ્રવેશે પ્રેરક વાર્તાલાપ"

નીતેશભાઈ : નમસ્કાર સાહેબ, આજે આપશ્રીનો જન્મદિવસ છે તો જન્મદિનની શુભકામનાઓ...

લાભુભાઈ : આભાર, નીતેશભાઈ.

નીતેશભાઈ : આપના જન્મ, બાળપણ, અંધત્વનું કારણ અને શિક્ષણ વિશે શ્રોતા મિત્રોને માહિતી આપશો ?

લાભુભાઈ : મારો જન્મ ભાવનગરની નજીક તરસમિયા ગામમાં થયો. ત્યાં મારા પિતાશ્રી ભાડાનાં મકાનમાં રહેતા હતા, જે એક બ્રાહ્મણનું મકાન હતું. મારા જન્મ સમયે અમારા કુટુંબની આર્થિક સ્થિતિ બહુ સંકડામણભરી હતી. અમે ચાર ભાઈ-બહેન એમના સંતાનો. મારો જન્મ એક નોર્મલ બાળક તરીકે થયો હતો એટલે કે હું જન્મથી અંધ ન હતો પરંતુ પછીથી ચારેક વર્ષની આસપાસ ઝામર અને ટાઈફોઈડની બીમારી એક સાથે આવવાથી અંધત્વનો ભોગ બન્યો.

મારું બાળપણ બહુ નોર્મલ બાળકની જેમ જ વીત્યું. હું ત્રણેક વરસનો થયો એ આસપાસ મારા પિતાશ્રીને રાહતદરનો પ્લોટ મળ્યો ત્યાં મકાન બાંધકામ કરતી વખતે હું નાના-નાના પથ્થરો ઊંચકતો તેવું વડીલો પાસેથી સાંભળ્યું છે, પણ પછી બીમાર પડયો અને સમયસર સારવાર ઉપલબ્ધ ન થઈ. હૉસ્પિટલ પહોંચ્યા ત્યારે ઘણું મોડું થઈ ચુકયું હતું. ડોકટરે તો એમ કહ્યું કે, "આ બાળક ચોવીસ કલાકથી વધુ નહિ જીવી શકે. તમે ઘરે લઈ

જાવ અને સેવા કરો.'' મારા પિતાશ્રી સાયકલમાં ઝોળી કરી ઘરે લઈ જતા હતા ત્યારે મેં કેળાના ફેરિયાની બૂમ સાંભળી અને કેળાની માંગણી કરી. પિતાશ્રીએ વિચાર્યું કે - ડૉક્ટરે ૨૪ કલાકનું કહી દીધું છે તો નુકસાન કરશે કે ફાયદો એવો વિચાર કર્યા વિના કેળાં લઈ દીધા. પછી તો રોજરોજ કેળાની સંખ્યા વધી ગઈ અને કેળાં મારા જીવનમાં ઔષધ બનીને આવ્યા અને આજે તમારી સામે છું.

ચાર વર્ષની ઉંમરે અંધત્વ આવ્યું. હજુ પાંચ વર્ષ પૂર્ણ થાય તે પહેલા માતુશ્રીની છત્રછાયા પણ ગુમાવી. હવે ચાર ભાઈ-બહેનને સંભાળવા તેમજ ભરણ-પોષણની બધી જવાબદારી પિતાજી પર આવી. તેઓ આ સમયે જહાંગીર વકીલ મિલમાં કામ કરતા હતા. લગભગ ૮ થી ૧૨ કલાક કામ કરવું પડતું ! તે આવે પછી અમારી સર્વ જરૂરિયાતો પૂર્ણ કરતા. ઘરકામ, અમારી સંભાળ આ બધું ખૂબ જ સંઘર્ષપૂર્વક એમણે પૂર્ણ કર્યું. તેમાથી પરિશ્રમનું મૂલ્ય સમજાયું અને પરિશ્રમ લોહીમાં ઉમેરાયો.

નીતેશભાઈ : પિતાજી મિલમાં કામ કરવા જાય ત્યારે આપને કોણ સંભાળતું ?

લાભુભાઈ : પિતાજીના ફઈના દીકરા બચુદાદા, જે અમારે ત્યાં આવતાં અને સૂઇ જઈએ ત્યાં સુધી રોકાય અને સવારે ઊઠીએ પછી થોડીવારમાં પિતાજી આવી જાય. એમ ઘણા વર્ષ વિત્યા.

નીતેશભાઈ : આપના શિક્ષણ વિશે જણાવશો ?

લાભુભાઈ : બાળપણમાં શિક્ષણનો પ્રારંભ થયો. સામાન્ય શાળામાં હું જતો પણ ત્યાં મારું નામ દાખલ કરવામાં આવ્યું ન હતું. પરંતુ અન્ય બાળકોની સાથે હું પણ રોજ શાળાએ જતો. લગભગ નવેક વર્ષની ઉંમરે અંધ ઉદ્યોગ શાળાનાં બાળકોનાં એક સંગીત કાર્યક્રમમાં જવાનું થયું. તેમને મળ્યો, સંચાલકોને મળ્યો અને એ રીતે હું ભાવનગર અંધ ઉદ્યોગ શાળામાં આવ્યો. અહીં મેં સાત ધોરણ સુધી અભ્યાસ કર્યો ત્યારબાદ આઠ અને નવ વિશુદ્ધાનંદ અને ત્યાર પછી અંધજન મંડળ અમદાવાદ ખાતે ૧૦ થી ૧૨ ધોરણનું શિક્ષણ લીધું.

નીતેશભાઈ : શિક્ષણ દરમિયાનના તમારા સંસ્મરણો જણાવશો ?

લાભુભાઈ : હું વિશુદ્ધાનંદ સ્કૂલમાં ભણતો ત્યારે અમારી આર્થિક સ્થિતિ ખૂબ જ સંકડામણભરી હતી. મારી પાસે એક જ જોડ કપડાં હતા. જયારે સ્કૂલમાં એક દિવસ ફ્રી ડ્રેસ હોય ત્યારે મને ખૂબ જ દુઃખ થતું કારણ કે, યુનિફોર્મની જોડી જ મારી સૌથી સારી જોડી હતી. સ્કૂલમાં વિદ્યાર્થીઓ મને ખૂબ મદદરૂપ થતા હતા. અભ્યાસક્રમ વાંચી સંભળાવતા, તેનું બ્રેઈલમાં રૂપાંતર કરવામાં મદદ કરતા, ત્યારપછી મને સાંભળવા મળ્યું કે અંધજન મંડળ અમદાવાદમાં સારી સ્કૂલ છે જયાં બ્રેઈલ પુસ્તકો વગેરે બધું જ મળી રહેશે. આમ, મારા મિત્રો શ્રી લાભુભાઈ કથીરિયા, શ્રી રવજીભાઈ ગોપાણી અને શ્રી પી.એમ.લાખાણીનાં કહેવાથી મેં

અંધજન મંડળ અમદાવાદમાં એડ્‌મિશન લીધું.

નીતેશભાઈ : અંધજન મંડળમાં એડ્‌મિશન મેળવ્યું તે સાર્થક લાગ્યું કે કેમ ?

લાભુભાઈ : પરિસ્થિતિ સાથે કેવી રીતે સમાયોજન સાધવું. રોજિંદા કાર્યો કરવામાં આત્મવિશ્વાસ વધ્યો. કોઈની મદદ વિના અમદાવાદમાં એકલો જુદી-જુદી જગ્યાએ જતો-આવતો થયો. સામાન્ય શાળાનાં શિક્ષકો અન્ય વિદ્યાર્થીઓ સાથેનાં વર્તન જેવું જ આપણી સાથે વર્તન કરે. જયારે અહીં થોડી સહાનુભૂતિ પ્રાપ્ત થાય તેથી પોતાના કામ માટે અન્યનો આધાર લેતા થઈ જઈએ એવો અનુભવ પણ થયો.

નીતેશભાઈ : અભ્યાસ દરમ્યાન વ્યાવસાયિક કારકિર્દી વિશે શો વિચાર કર્યો ?

લાભુભાઈ : મારા પિતાજી સામાજિક કાર્યકર હોવાનાં કારણે સર્વિસ તો આસાનીથી મળશે એમ વિચારીને મેં સંગીત વિશારદ પૂર્ણ કર્યું ત્યારે પ્રજ્ઞાચક્ષુઓની સંગીત શિક્ષક તરીકે ભરતી કરવામાં આવતી હતી અને મને નોકરી મળી જાય તેવા ઉજળા સંજોગો પણ હતા. પરંતુ આ દરમ્યાન એક ઘટના બની. મારા ઉપર એક ફોન આવ્યો કે અંધ અભ્યુદય મંડળમાં એક કાર્યકર તરીકે તમારા જેવા યુવાનની જરૂર છે. તમે આવો. એટલે હું ત્યાં ગયો અને મેં અનુભવ્યું કે ઘણા બધા પ્રજ્ઞાચક્ષુઓને મદદની જરૂર છે અને હું જો એક સંગીત શિક્ષક બની જઈશ તો હું મારું જીવન ચોકકસ સારું

બનાવી શકીશ પરંતુ મારા જેવા બીજા લોકોનું શું ? ત્યાં કામ શરૂ કર્યું અને કામ કરતા કરતા મનમાં પાકો નિર્ધાર કર્યો કે મારે હવે સંગીત શિક્ષક થવું નથી. મારે આ જ ક્ષેત્રમાં કામ કરવું છે.

નીતેશભાઈ : પરંતુ આ સમયે તો તમારી કૌટુંબિક સ્થિતિ પણ ખૂબ જ નબળી હતી. આર્થિક ઉપાર્જનનો પ્રશ્ન ન થયો ?

લાભુભાઈ : ચોક્કસ થયો, પરંતુ અંધજન મંડળની ઑફિસમાં બેસીને કામ કરતા કરતા અનેક લોકોને મળવાનું થયું. તેમના પ્રશ્નો જ એવા હતા કે મારો વિચાર કરવાનું હું ભૂલતો ગયો. મને એ વખતે મહિને ૭૦૦ રૂપિયા માનદ્ વેતન આપતા હતા. તેમાંથી ૩૦૦-૩૫૦ જેટલા તો અન્યને મદદ કરવામાં વપરાય જતા. હું આવવા-જવા સીટી બસનો ઉપયોગ કરતો અને જે પૈસા બચતા તે આ લોકોની મદદ માટે વાપરતો.

નીતેશભાઈ : અરે વાહ સાહેબ, આપની વાત સાંભળ્યા પછી મરીઝનો એક શેર યાદ આવે કે,

''બસ એટલી સમજ મને પરવરદિગાર દે કે
સુખ જયારે જયાં મળે ત્યાં બધાને વિચારજે''

આપશ્રી હાલ અંધ ઉદ્યોગ શાળા અને રાષ્ટ્રીય અંધજન મંડળ ભાવનગર જિલ્લા શાખા ભાવનગરનાં જનરલ સેક્રેટરી છો. અહીં સુધી આપ કેવી રીતે પહોંચ્યા ?

લાભુભાઈ : મારી એવી કોઈ વ્યકિતગત મંશા હતી જ નહીં. પરંતુ પ્રજ્ઞાચક્ષુઓને વધુ ને વધુ મદદ કરવા, તેઓનો સર્વાંગી વિકાસ

કરવાના હેતુસર આ હોદ્દાઓ સ્વીકાર્યા. કારણકે લોકોને તેનાથી એક વિશ્વાસ ઊભો થાય કે અહીંથી અમારું કામ થશે, અમને લાભ થશે. તેથી હું આ હોદ્દાઓ પર કામ કરી રહ્યો છું અને લોકોનો વિશ્વાસ પણ જીત્યો છે.

નીતેશભાઈ : આ હોદ્દાઓ સુધી પહોંચતા-પહોંચતા ઘણો સંઘર્ષ કરવો પડયો હશે - તે જણાવશો ?

લાભુભાઈ : મારી નિમણૂક ટ્રસ્ટી મંડળે એક સામાન્ય કર્મચારી તરીકે કરી હતી. અત્યાર સુધી ટ્રસ્ટી મંડળોમાં કોઈ પ્રજ્ઞાચક્ષુ વ્યકિતને સ્થાન આપવામાં આવ્યું નહોતું. પરંતુ હું જોડાયો પછી મારા કામ અને ધગશને કારણે હું આગળ વધતો ગયો. મને રોકવા માટેના પણ આડકતરી રીતે પ્રયત્નો થયા, પરંતુ મારો નિર્ધાર હતો કે કમિટીમાં સ્થાપિત થઈ સંસ્થાને આગળ વધારવી અને પ્રજ્ઞાચક્ષુઓને વધુમાં વધુ તેનો લાભ અપાવવો. આ સંસ્થાના સ્થાપક શ્રી એન.ડી.નેતરવાળા પણ પ્રજ્ઞાચક્ષુ હતા. પરંતુ તેઓ કેટલાક કારણોસર સફળ ન થઈ શકયા. સંચાલક મંડળે તેમને ટ્રસ્ટી પદથી દૂર કર્યા. આ સંસ્થાની સ્થાપનાનાં મૂળમાં નટુભાઈ એટલે કે શ્રી એન.ડી.નેતરવાળા હતા. તેઓ મુંબઈની વિકટોરિયા મેમોરિયલ સ્કૂલ ફોર ધી બ્લાઈન્ડમાં ભણતા હતા. ત્યાં એક કાર્યક્રમમાં ભાવનગરનાં મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી ચીફ ગેસ્ટ તરીકે હતા અને વિવિધ સ્પર્ધાઓમાંથી નેતરની ખુરશી બનાવવામાં નટુભાઈનો પ્રથમ નંબર આવ્યો. મહારાજા સાથે વાત

કરતા ખ્યાલ આવ્યો કે તેઓ ભાવનગરના છે, પરંતુ ત્યાં પ્રજ્ઞાચક્ષુઓની સ્કૂલ નહીં હોવાથી મુંબઈ અભ્યાસ કરે છે. મહારાજાએ તેમને ભાવનગર આવવા કહ્યું અને આ રીતે ભાવનગરમાં શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળાની સ્થાપના ઈ.સ. ૧૯૩૨માં થઈ. પરંતુ શ્રી નટુભાઈ આ સંસ્થામાં ૧૯૩૭ સુધી જ કાર્ય કરી શકયા પછી તે ટ્રસ્ટી મંડળમાંથી દૂર થયા. આ વિગત જાણ્યા પછી મને એમ થયું કે – ''સંસ્થા જે સપનાથી શરૂ થઈ તે જ દિશામાં આગળ વધવી જોઈએ. સામાન્ય વ્યકિત કરતા પ્રજ્ઞાચક્ષુ વ્યકિત પ્રજ્ઞાચક્ષુઓની સમસ્યા વધુ સારી રીતે સમજી શકે.'' આ રીતે હું આ સંસ્થામાં કામ કરવા લાગ્યો.

નીતેશભાઈ : હાલ આપશ્રી સર્વ ટ્રસ્ટીઓ સાથે મળી ઉમદા કાર્ય કરી રહ્યા છો. પરંતુ દૃષ્ટિવાન વ્યકિત અને પ્રજ્ઞાચક્ષુ વ્યકિતઓ વચ્ચે જે અંતર છે તે કઈ રીતે દૂર થઈ શકે ?

લાભુભાઈ : દૃષ્ટિવાન વ્યકિત જયારે પ્રજ્ઞાચક્ષુઓ વિશે વાત કરે છે ત્યારે તે હંમેશા સારો અભિપ્રાય જ આપશે પરંતુ જયારે પ્રજ્ઞાચક્ષુઓને વાસ્તવિક લાભ આપવાનું થાય, કામ આપવાનું થાય ત્યારે તે તેમના પ્રત્યે ઉદાસીન જોવા મળે છે એટલે કયારેક કરણી અને કથનીમાં ફેરફાર જોવા મળે છે એને દૂર કરવા માટે સૌથી ઉત્તમ સૂત્ર હોય તો તમારે સામાન્ય વ્યકિત કરતાં એક ડગલું આગળ રહેવું પડે. તે વ્યકિત કામ કરતો હોય તેનાં કરતાં સવાયું કામ કરવું પડે તો જ તમે તમારા ક્ષેત્રમાં સામાન્ય વ્યકિત સાથે

સમાયોજન સાધી શકો, તમારું સ્થાન સ્થાપિત કરી શકો.

નીતેશભાઈ : પ્રજ્ઞાચક્ષુઓના ક્ષેત્રમાં કામ કરતાં એવા ઘણા ઉદાહરણરૂપ વ્યકિતઓ છે. આપશ્રી પણ તેમાંના એક છો. આપશ્રીના મનમાં હંમેશા પ્રજ્ઞાચક્ષુઓનાં વિકાસનાં વિચારો હોય છે. તો આપના જે વિચારો સાર્થક થયા હોય અને હાલ પ્રોજેકટ રૂપે ચાલતા હોય, જે તમે શરૂ કર્યા હોય અને અત્યારે પણ ચાલતા હોય તેવા પ્રોજેકટ વિશે માહિતી આપશો.

લાભુભાઈ : આ સંસ્થામાં પહેલા માત્ર પ્રાથમિક શિક્ષણની જ વ્યવસ્થા હતી. ત્યારબાદ અનુક્રમે ૮ અને ૯ માધ્યમિક શાળા શરૂ થઈ પરંતુ ધો-૧૦ ન હતું. મારા આવ્યા પછી ધો-૧૦ શરૂ કરાવ્યું, ત્યારે શિક્ષકો પણ પૂરતા નહોતા, તેથી હું પણ વર્ગકાર્ય કરતો. પ્રથમ વર્ષે રિઝલ્ટ ઓછું આવ્યું પણ ત્યાર પછી ૧૯૯૯થી આજ સુધી એટલે કે સતત ૧૯ વર્ષથી ધો-૧૦નું રિઝલ્ટ ૧૦૦% આવે છે. ધો-૧૧ અને ૧૨નો પણ પછી પ્રારંભ થયો અને તેમનું પણ પ્રારંભથી જ ૧૦૦% રિઝલ્ટ આવે છે. સંગીતક્ષેત્રમાં પણ ઘણું કાર્ય કર્યું છે. આ સંસ્થામાં સંગીતનાં વર્ગો ચાલે છે. પ્રારંભિકથી વિશારદ સુધીનું શિક્ષણ અહીં થાય છે. ગાયન અને વાદન બંનેમાં દીકરા-દીકરીઓએ ખૂબ જ પ્રગતિ કરી છે અને સારા કલાકારો સાથે સ્પર્ધા કરી શકે તેવી ગુણવત્તા પ્રાપ્ત કરી છે. ઉપરાંત, પ્રજ્ઞાચક્ષુ માટે કમ્પ્યૂટર કોર્સ શરૂ કરાવ્યો. આજે ઘણા પ્રજ્ઞાચક્ષુઓ આ ક્ષેત્રમાં પણ સરસ કાર્ય કરી રહ્યાં છે. લોકોને

એમ હોય કે પ્રજ્ઞાચક્ષુઓ કમ્પ્યૂટર પર કેવી રીતે કાર્ય કરી શકે ? પરંતુ આજે તેમને કાર્ય કરતા જોઈ તેઓ અચરજ અનુભવે છે. આ સંસ્થામાં બ્રેઈલપ્રેસ પણ ચાલે છે, જેથી પ્રજ્ઞાચક્ષુઓને અભ્યાસ સામગ્રી પણ સરળતાથી મળી રહે. ઉપરાંત હમણાં જ ઓડિયો રેકોર્ડિંગરૂમ પણ બનાવ્યો. જેથી તેમને ઓડિયો સામગ્રી પણ ઉપલબ્ધ બને. હાલમાં જ સંસ્થામાં ડિઝિટલ ક્લાસરૂમ બનાવવાનું શરૂ કર્યું છે. તે દ્વારા લૉ-વિઝન ધરાવનાર વિદ્યાર્થીઓ ઈ-લર્નિંગના માધ્યમથી પોતાના સપના સાકાર કરી શકે તેવી વ્યવસ્થા પણ ઊભી કરવામાં આવી છે.

નીતેશભાઈ : આ બધા પ્રોજેકટનો પ્રજ્ઞાચક્ષુઓ સીધો લાભ લઈ રહ્યા છે ખૂબ સરસ ! એવું સાંભળ્યું છે કે આ સંસ્થા મેડિકલક્ષેત્રે પણ સારું કાર્ય કરી રહી છે, તો તેમના વિશે કહેશો ?

લાભુભાઈ : સંસ્થાના પ્રાંગણમાં જ એક અદ્યતન હૉસ્પિટલ છે. જેમાં ઓર્થોપીડિક, આંખની સર્જરી, સામાન્ય બીમારી જેવી અનેક પ્રકારની સારવાર સાવ નજીવા દરથી અહીંયાં થાય છે. ઉપરાંત અહીં રાહતદરે ફિઝિયોથેરાપી સેન્ટર પણ ચાલે છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે વિકલાંગતા અટકાયત માટે જિલ્લાભરમાં અમારી એક ટીમ ખૂબ જ સારું કાર્ય કરી રહી છે. જેમાં નિદાન, સારવાર, સાધન સહાય પૂરી પાડવામાં આવે છે, એટલે કે પ્રિવેન્શનનું કાર્ય થાય છે. વિકલાંગતા આવી જાય પછી ખાસ કંઈ થઈ શકતું નથી. પરંતુ તે આવે જ નહીં માટે અંધત્વ નિવારણ

કાર્યક્રમ, રૂબેલા રસીકરણ જેવા કાર્યક્રમો દ્વારા સરકારશ્રીની યોજનાઓ સાથે કદમ સાથે કદમ મીલાવી સંસ્થા કાર્ય કરે છે. આમાં ખાસ કરીને જનજાગૃતિનાં કાર્યક્રમો-સેમિનારો પણ યોજવામાં આવે છે.

નીતેશભાઈ : આપશ્રી ખૂબ જ સરસ કાર્ય કરી રહ્યા છો પણ હજુ આપના મનમાં પ્રજ્ઞાચક્ષુ વ્યકિતઓનાં વિકાસ માટેનાં કયા-કયા વિચારો પડેલા છે ?

લાભુભાઈ : વિચારો તો ઘણા બધા છે પણ એક સૌથી અગત્યનો વિચાર રજૂ કરું, તો વિકલાંગ વ્યકિત સામાન્ય વ્યકિત કરતાં કંઈક અક્ષમ છે અને તેના કારણે તે અન્ય વ્યકિતથી જુદો ન પડવો જોઈએ. તે માટે ટૅકનોલૉજીનો ઉપયોગ થવો જોઈએ. આ માટેનાં ઘણા બધા સાધનો શોધાયા છે પરંતુ તે બહુ મોંઘા હોય છે, એટલે એવી ટૅકનોલૉજી સરળતાથી ઉપલબ્ધ બને અને પ્રજ્ઞાચક્ષુ વ્યકિત પણ સામાન્ય વ્યકિતની જેમ જ સમાજમાં પોતાનું યોગદાન આપી શકે. આ માટે ખાસ તો આ સંસ્થામાં સંશોધનો થાય. નવી-નવી ટૅકનોલૉજી આવે. તેનો ઉપયોગ પ્રજ્ઞાચક્ષુ વ્યકિતઓ કરતાં થાય એટલે હવે હું મારું ધ્યાન સંશોધન પર કેન્દ્રિત કરવા માંગું છું.

નીતેશભાઈ : લાભુભાઈ સોનાણીને ગુજરાતભરનાં પ્રજ્ઞાચક્ષુઓ, વિકલાંગો પોતાને હક અપાવવા, પોતાના અધિકારો માટે લડત ચલાવનાર વ્યકિત તરીકે જુએ છે. દિવ્યાંગોનાં અધિકારો માટે આપ સર્વસ્વ હોમી દેવા પણ તૈયાર થઈ જાવ છો. પછી તે માટે

સામે સરકાર હોય કે અધિકારીઓ ! આપ જોશ સાથે દિવ્યાંગોના પ્રશ્ને લડો છો. આટલી મક્કમતા, મજબૂતાઈ, દૃઢ મનોબળ કઈ રીતે આ કરી શકો છો ?

લાભુભાઈ : ગુજરાતમાં વિકલાંગો માટે ઘણી બધી સંસ્થાઓ કામ કરે છે. પરંતુ બહુ ઓછી સંસ્થાઓ એવી હશે જે ખરેખર વિકલાંગો માટે શું કરવું જોઈએ ? તેની સરકારમાં રજૂઆત કરી શકે અથવા સરકાર સાથે પરામર્શ કરી આયોજન ઘડી શકે. એક એવા વ્યક્તિ તરીકે મને શ્રી જગદીશભાઈ પટેલની યાદ આવે છે. પરંતુ તે ગયા પછી જાણે આ ક્ષેત્રે અંધકાર છવાઈ ગયો છે. આવી સંસ્થાઓ દિવ્યાંગો માટે ઘણો વિચારવિમર્શ કરતી હોય છે. પરંતુ તેમાં માત્ર સંસ્થાનાં કાર્યકરો જ હોય છે. સરકારનો કોઈ પ્રતિનિધિ હોતો નથી, તેથી આવી ચર્ચાઓ માત્ર સંસ્થાઓ સુધી જ સીમિત રહે છે. જેમણે કામ કરવાનું છે, તેમનાં સુધી આ વાત પહોંચતી નથી. આવું ઘણી બધી સંસ્થાઓમાં થાય છે. મારે આવી મીટિંગોમાં જવાનું થાય ત્યારે આ બાબત હું ટકોર પણ કરું છું. ઘણી વખત સરકારમાં, સમાજસુરક્ષામાં રજૂઆતો થાય છે પણ રજૂઆત પછી જે ફોલો-અપ થવું જોઈએ-તે થતું નથી. તેથી મને એવું લાગે છે કે, આ દિશામાં વધુ ને વધુ યુવાનો આગળ આવે. વિકલાંગતા-વિધેયક-૨૦૧૬ અમલમાં આવ્યું તેને એક વર્ષ કરતા પણ વધુ સમય થઈ ગયો પરંતુ હજુ સુધી લોકોને તેમના વિશે કાંઈ ખબર નથી. આ અધિનિયમ પ્રમાણે રાજય કમિશનર

અને બે સહાયક કમિશનર નિમવાનાં હોય છે. જેમાં એક વિકલાંગ વ્યકિતની નિમણૂક કરવાની હોય છે પરંતુ હજુ સુધી આવી કોઈ નિમણૂક થઈ નથી. કેટલી સંસ્થાઓએ આની રજૂઆત કરી ? તો કોઈ નહીં. મેં હમણાં જ **R.T.I.** મારફતે આ માહિતી માંગી છે. સરકારને ઢંઢોળવાનું મારું કાર્ય ચાલુ જ છે અને એ આપણો અધિકાર પણ છે.

નીતેશભાઈ : તમે સરકાર સાથે જે રીતે આ લડતો ચલાવો છો તો તમને ડર નથી લાગતો ?

લાભુભાઈ : બિલકુલ ડરતો નથી. હું ચોકકસ માનું છું કે પ્રત્યેક વ્યકિતનો જન્મ તેના ચોકકસ કાર્ય માટે થતો હોય છે અને તેમણે તે કાર્ય નિભાવવાનું હોય છે. બાકી બધું ઈશ્વર પર છોડી દેવાનું હોય છે. ડર પણ અનુભવવાનો નથી અને વધુ પડતી હિંમત પણ બતાવવાની નથી. ઈશ્વર બધું જોઈ જ રહ્યો છે.

નીતેશભાઈ : ''દિન વિશેષ શ્રાવ્ય'' સાથે ઘણા બધા શ્રોતા મિત્રો જોડાયેલા છે. આપશ્રી તેઓને શો સંદેશ આપવા માંગો છો ?

લાભુભાઈ : મારે પ્રજ્ઞાચક્ષુ ભાઈ-બહેનોને એટલું જ કહેવું છે કે, ''તમે જે ક્ષેત્રમાં જવા માંગતા હોવ ત્યાં દિલ લગાવીને કામ કરજો. તેની પૂરેપૂરી વિદ્વતા પ્રાપ્ત કરજો. કયાંય શોર્ટકટ પસંદ ન કરતા. અન્ય વ્યકિત કરતા વધુ કામ કરજો. જેથી આપણી કોઈ અવગણના ના કરી શકે. એવું કામ કરવું જેથી આપણને તક ન આપનારને અફસોસ થાય કે આ વ્યકિતને કામ આપ્યું હોત તો

સારું થાત. ઈશ્વરે આપણી એક શકિત છીનવી છે તો બીજી ઘણી બધી આપી છે. જરૂર માત્ર એટલી જ છે કે આપણી શકિતનો આપણે હિંમતપૂર્વક ઉપયોગ કરીએ. જે શિક્ષક તરીકે કામ કરે છે તે સામાન્ય શિક્ષકો કરતા વધુ કામ કરે. જે ભાઈ-બહેનો બૅંકમાં કામ કરે છે તે પોતાની શકિત પ્રમાણેનું કાર્ય કરે. બૅંકના નિયમો કંઠસ્થ કરી ગ્રાહકોને યોગ્ય માર્ગદર્શન આપી શકાય. સામાન્ય લોકો જે નથી કરી શકતા તે આપણે કરીએ તો આપણે બીજાની દયા પર જીવવાની જરૂર ન પડે. તમે જે ક્ષેત્રમાં કામ કરતા હોવ ત્યાં કંઈ પણ કામ આપવામાં આવે એક ચેલેન્જ સ્વીકારી તેને પૂર્ણ કરવું જોઈએ.''

નીતેશભાઈ : સાહેબ, આપના શોખના વિષયો કયા ? તે જણાવશો.

લાભુભાઈ : ક્રિકેટ રમવું અને કૉમેન્ટરી સાંભળવી મને ખૂબ ગમે છે. હું ભાવનગર ટીમ વતી બે-ત્રણ કપ માટે મેચ રમ્યો પણ છું. મારો મુખ્ય શોખ તો વધુમાં વધુ પ્રજ્ઞાચક્ષુ વ્યકિતઓને સામાન્ય વ્યકિતની સામે કેવી રીતે રજૂ કરી શકીએ તે છે. જયાં પ્રજ્ઞાચક્ષુઓની વાત કરવાની થાય ત્યાં જવું મને ગમે છે. તેની માટે મારે આર્થિક રીતે ઘસાવું પડે તો તેમ કરવાનું પણ હું પસંદ કરું છું અને સામેથી આવી તકો હું ઝડપતો હોઉં છું.

નીતેશભાઈ : આપશ્રીને ફરવા જવાનું કહેવામાં આવે તો તમે કયું સ્થળ પસંદ કરશો ?

લાભુભાઈ : હરવું-ફરવું એ પોતાના આનંદની વાત છે એટલે હું તેમાં બહુ માનતો નથી. અન્યને આનંદ આપવો તે વધુ ઉત્તમ છે, તેથી હું કાર્યને વધુ મહત્ત્વ આપું છું છતાં પણ કોઈવાર જવાનું થાય તો પ્રકૃતિ સૌંદર્ય ધરાવતા સ્થળોએ જવાનું પસંદ કરું.

નીતેશભાઈ : તમારા આ કાર્ય માટે તમારા પરિવારજનોનો મોટો ફાળો હશે. તેમના વિશે કહેશો ?

લાભુભાઈ : મારા ધર્મપત્ની શ્રી નીલાબેન અને દીકરી નિષ્ઠા બંને નવું જીવન આપનારી વ્યકિતઓ છે. હું ૨૦૧૩માં મેંનિન્જાઈટિસ **(MENINGITIS)** નામની જીવલેણ બીમારીમાં સપડાયો. ડૉકટરનાં જણાવ્યા મુજબ હવે હું લાંબુ જીવી શકીશ નહિ તેવા સંજોગો હતા. પરંતુ તેમણે લગભગ બે વર્ષ સુધી મારી દેખરેખ, દવાઓ, ભોજન, ડૉકટર સાથે પરામર્શ વગેરે દ્વારા સમાજસેવા માટે મને પુનઃજીવન આપ્યું. તેમનું ઋણ હું સાત-આઠ જન્મે પણ ચુકવી શકું નહીં. આ તો આપે પ્રશ્ન કર્યો એટલે બાકી આ વાત શબ્દો દ્વારા વર્ણવી શકાય નહીં તેની મને અનુભૂતિ છે.

નીતેશભાઈ : આ ઈન્ટર્વ્યૂ સાંભળ્યા પછી, કોઈએ તમને મળવાની કે મદદ લેવાની ઈચ્છા થાય તો કેવી રીતે મળી શકે ?

લાભુભાઈ : શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા, ભાવનગરમાં મારું કાર્યાલય છે. રવિવાર સિવાય દરરોજ સવારના ૧૧ થી ૬ સુધી સંસ્થામાં જ મળી શકાય. ક્યારેક રવિવારે પણ

અહીં જ હોઉં છું. ઉપરાંત મને ફોન દ્વારા જાણ કરી કોઈ પણ વ્યકિત પછી તે વિકલાંગ હોય કે સામાન્ય – મને મળી શકે છે. સમાજનું કામ કરવામાં ખૂબ જ આનંદ આવે છે અને એ મારો શોખ પણ છે.

નીતેશભાઈ : આપની સાથે આજે આપશ્રીના જન્મદિવસે સરસ પ્રેરણાદાયી વાતો કરવાની તક મળી. આવી પ્રેરણાદાયી વાતોથી અનેક પ્રજ્ઞાચક્ષુ વ્યકિતઓને આપની વાતોમાંથી ચોકકસ પ્રેરણા મળશે જ, એવી આશા સાથે ફરી એક વાર જન્મદિવસની શુભકામના. ઈશ્વર આપના જીવનમાં કોઈપણ પ્રકારનું વિઘ્ન ન આવવા દે. આપ અવિરત દિવ્યાંગોની સેવા કરતા રહો અને આપની સેવા થકી અનેક-અનેક લોકો પોતાના સિદ્ધિના શિખરો સર કરી શકે તેવી ખૂબ-ખૂબ શુભકામના.

લાભુભાઈ : આપનો પણ ખૂબ-ખૂબ આભાર. દિન વિશેષ શ્રાવ્યનો પણ ખૂબ-ખૂબ આભાર. મને આનંદ છે કે આ મુલાકાતને તમે લોકો સુધી મૂકશો અને લોકો પોતાનો સંદેશ પ્રાપ્ત કરી પોતાનાં જીવનમાં કંઈક ને કંઈક પ્રાપ્ત કરી શકશે તેવી મને શ્રદ્ધા છે. ફરી આપનો ખૂબ-ખૂબ આભાર...

# બાયોડેટા

## વ્યકિતગત માહિતી

| | | |
|---|---|---|
| નામ | :- | લાભુભાઈ ટી. સોનાણી |
| ઑફિસ અને પત્ર વ્યવહાર માટેનું સરનામું | :- | શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા, નવા ફિલ્ટર સામે, વિદ્યાનગર, ભાવનગર |
| રહેઠાણનું સરનામું | :- | 14-B ''નિષ્ઠાકુંજ'', શિવાજી પાર્ક, મેરુબાગ, ઘોઘા રોડ, ભાવનગર |
| સંપર્ક નંબર | :- | (ઑફિસ) ૦૨૭૮-૨૪૨૩૯૧૭<br>(મોબાઈલ) ૯૩૭૬૬ ૮૮૫૮૪ |
| ઈ-મેઈલ આઈડી | :- | Ltsonani@gmail.com |
| બ્લોગ | :- | www.agnis.blogspot.in |
| વેબસાઈટ | :- | www.Ltsonani.com |
| જન્મતારીખ | :- | ૧૫-૦૩-૧૯૬૭ |
| ધર્મ | :- | હિન્દુ પટેલ |

મહત્ત્વાકાંક્ષા :- શારીરિક રીતે અક્ષમ લોકોની શૈક્ષણિક તાલીમ માટે સમગ્ર ભારતમાં ભાવનગર જિલ્લો શ્રેષ્ઠ બની રહે અને શારીરિક રીતે અક્ષમ દરેક વ્યકિતને તેની જરૂરિયાતની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી કામ કરવું.

| | | |
|---|---|---|
| શૈક્ષણિક માહિતી | :- | બી.એ.(ફર્સ્ટ કલાસ)<br>બી.એડ્.(ફર્સ્ટ કલાસ)<br>સંગીત વિશારદ |

પોતાનું પ્રકાશન :- (૧) જીવનનો ધબકાર-મારી સ્મરણ યાત્રા (પોતાની જીવન કથા)
(૨) સંવેદનાની શોધ

વિવિધ સંસ્થાઓમાં નીચેના હોદ્દાઓ પર કાર્યરત છે :-

- જનરલ સેક્રેટરી : (૧) નેશનલ એસોસિએશન ફોર ધી બ્લાઈન્ડ, ડિસ્ટ્રિકટ બ્રાંચ, ભાવનગર.
  (૨) શ્રી કે.કે. સ્કૂલ ઍન્ડ હૉમ ફોર ધી બ્લાઈન્ડ, ભાવનગર.
- પ્રમુખ : ગુજરાત અપંગ સંસ્થા સંચાલક સંઘ, ગુજરાત.
- પ્રમુખ : શ્રી અંધ અભ્યુદય મંડળ, ભાવનગર.
- પ્રમુખ : અખિલ ગુજરાત નેત્રહીન જાગૃત ટ્રસ્ટ, ભાવનગર
- ઉપપ્રમુખ : અખિલ ગુજરાત નેત્રહીન ક્રિકેટ કંટ્રોલ બોર્ડ, અમદાવાદ.
- કમિટી મેમ્બર : એન.એ.બી. રાજય શાખા-અમદાવાદ.
- સભ્ય : અંધજન કલ્યાણ મંડળ, રાજકોટ, વિકલાંગ ધારા અમલીકરણ કમિટી, ભાવનગર અને રોજગાર સંકલન સમિતિ, ભાવનગર
- સલાહકાર સમિતિ સભ્ય : ભાવનગર સિટિઝન કાઉન્સિલ, ભાવનગર.

અંધ લોકોના વિકાસ માટે કેટલીક પ્રેરણા :-

- અખિલ ગુજરાત અંધ ક્રિકેટ ટુર્નામેન્ટ, ભાવનગર, વર્ષ-૧૯૯૫

- અખિલ ગુજરાત અંધ રમતોત્સવ, ભાવનગર, વર્ષ-૧૯૯૭
- અખિલ ગુજરાત અંધ એકાંકી નાટય સ્પર્ધા, ભાવનગર, વર્ષ-૧૯૯૯
- અંધ ચેસ સ્પર્ધા અને કવિતા સ્પર્ધા, તળાજા, વર્ષ-૨૦૦૧
- અખિલ ગુજરાત નાટય એકાંકી સ્પર્ધા, ભાવનગર, વર્ષ-૨૦૦૫
- રાજય કક્ષાની અંધ ક્રિકેટ ટુર્નામેન્ટ, ભાવનગર, વર્ષ-૨૦૧૩
- અંધ વિદ્યાર્થીઓ માટેનું વિશિષ્ટ પ્રદર્શન વર્ષ ૨૦૧૨થી પ્રત્યેક વર્ષે
- અંધ બાળકો દ્વારા વિશિષ્ટ સાંસ્કૃતિક કાર્યક્રમ વર્ષ-૨૦૧૩ થી દર વર્ષે
- અંધજનના કલ્યાણ માટે અને તેમની સુષુપ્ત શકિતઓ ઉજાગર કરવાના હેતુથી પ્રજ્ઞાચક્ષુ વકતા દ્વારા શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ પારાયણનું આયોજન ૧૧ થી ૧૭ જાન્યુઆરી અને ૨૨ થી ૨૮ ડિસેમ્બર -૨૦૧૬
- ગીતાદર્શન તા.૧૫ અને ૧૬ જુલાઇ - ૨૦૧૮
- નિરખને ગગનમાં તા.૦૧-૦૧-૨૦૧૯ થી તા.૦૩-૦૧-૨૦૧૯
- ગુજરાત રાજયકક્ષાની દષ્ટિહીનો માટેની ચેસ ટુર્નામેન્ટ વર્ષ-૨૦૧૬
- અખિલ ગુજરાત અંધ શિક્ષકો માટેનો શૈક્ષણિક વાર્ષિક સેમિનાર -વર્ષ-૨૦૧૬

- સામાજિક જવાબદારી નિભાવવાના હેતુથી અને જિલ્લાના વિવિધ પ્રકારની વિકલાંગતા ધરાવતા લોકોનો આધાર બનવા માટે ''સંવેદના સેતુ''ની શરૂઆત વર્ષ-૨૦૧૭થી
- ૭૫૦થી વધારે શારીરિક વિકલાંગતા ધરાવતા લોકોને સાધન સહાય માટેનો મેગા કૅમ્પ - વર્ષ-૨૦૧૭

**પ્રાપ્ત કરેલા એવોડર્ઝ :-**

- ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગર દ્વારા શ્રેષ્ઠ પ્લેસમેન્ટભરણી અધિકારી ઍવોર્ડ,વર્ષ-૧૯૯૭
- શ્રી સરદાર પટેલ મિત્ર મંડળ, ભાવનગર દ્વારા શ્રેષ્ઠ સામાજિક કાર્યકર્તા ઍવોર્ડ, વર્ષ-૧૯૯૮
- શ્રી એમ.એન.હાઈસ્કૂલ, મહુવાના એન.એસ.એસ. યુનિટ દ્વારા શ્રેષ્ઠ અંધત્વ અટકાવ(નિવારણ) કાર્ય માટે ઍવોર્ડ, વર્ષ-૧૯૯૯
- શ્રી રોટરી કલબ ભાવનગર રાઉન્ડ ટાઉન, ભાવનગર દ્વારા શ્રેષ્ઠ સામાજિક કાર્યકર્તા ઍવોર્ડ, વર્ષ-૨૦૦૧
- શ્રી એન.એ.બી. પોરબંદર શાખા, પોરબંદર દ્વારા શ્રેષ્ઠ સામાજિક કાર્યકર ઍવોર્ડ, વર્ષ-૨૦૦૩
- જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર દ્વારા શ્રેષ્ઠ ઇન્ટિગ્રેટેડ પ્રોગ્રામ વિકાસ ઍવોર્ડ, વર્ષ-૨૦૦૪
- શ્રી એન.ડી.નેતરવાલા ચેરિટેબલ ટ્રસ્ટ, પોરબંદર દ્વારા શારીરિક અક્ષમ લોકો માટેના પુનઃવસન કાર્ય માટેની શ્રેષ્ઠ કામગીરી માટે ''પંચમ સ્મૃતિ ઍવોર્ડ'', વર્ષ-૨૦૦૪

- એન.એ.બી. પોરબંદર શાખા, પોરબંદર દ્વારા અંધજન કર્મવીર ઍવોર્ડ, વર્ષ-૨૦૦૭
- એન.એ.બી. રાજ્ય શાખા, ગુજરાત દ્વારા સ્વ.શ્રી ભીખાભાઈ સી. શાહ મેમોરિયલ ઍવોર્ડ, વર્ષ-૨૦૦૭
- લોકસેવા ટ્રસ્ટ અને અંધજન મંડળ, અમદાવાદ દ્વારા વિશિષ્ટ સન્માન, વર્ષ-૨૦૧૨
- અંધ અભ્યુદય મંડળ, ભાવનગર દ્વારા શ્રેષ્ઠ સામાજિક કાર્ય માટેનો ઍવોર્ડ, વર્ષ-૨૦૧૩
- અંધ અપંગ વિકાસ-મંડળ મોગરી દ્વારા શ્રેષ્ઠ સામાજિક કાર્ય માટેનો ઍવોર્ડ, વર્ષ-૨૦૧૪
- ભાવનગર નાગરિક સહકારી બેંક દ્વારા શ્રેષ્ઠ સામાજિક કાર્ય માટેનો ઍવોર્ડ, વર્ષ-૨૦૧૫
- ભાવનગર મોટર સંઘ દ્વારા શ્રેષ્ઠ સામાજિક કાર્ય માટેનો ઍવોર્ડ, વર્ષ-૨૦૧૫
- જે.સી.આઈ. ભાવનગર સિલ્વર દ્વારા પ્રશંસા ઍવોર્ડ, વર્ષ-૨૦૧૫
- શ્રી સંત શ્રેય એજ્યુકેશન ટ્રસ્ટ, ભાવનગર દ્વારા અંધજનો માટે ઉમદા કાર્યો કરવા માટે અને અનેક ઍવોર્ડ્ઝ પ્રાપ્ત કરવા બદલ પ્રસંશા ઍવોર્ડ, વર્ષ-૨૦૧૬
- અંધ કલ્યાણ કેન્દ્ર, અમદાવાદ દ્વારા રાજ્યકક્ષાનો ડૉ.નીલકંઠરાય છત્રપતિ ઍવોર્ડ, વર્ષ-૨૦૧૭

- ભગવાન મહાવીર વિકલાંગ સહાયતા સ્મૃતિ, અમદાવાદ દ્વારા સમાજ રત્ન ઍવોર્ડ, તા.૧૬-૦૯-૨૦૧૭
- ભાવનગર જિલ્લા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ, ભાવનગર દ્વારા શૈક્ષણિક ક્ષેત્રે શ્રેષ્ઠ સંચાલક ઍવોર્ડ તા.૧૨-૧૧-૨૦૧૭
- અમર જ્યોતિ વિદ્યાલય, ભાવનગર દ્વારા અંધજનોના શ્રેષ્ઠ માર્ગદર્શક બનવા માટે ધી બેસ્ટ સિટીઝન ઍવોર્ડ, વર્ષ-૨૦૧૮
- અભિવાદન, સર્વશિક્ષા અભિયાન જિલ્લો અરવલ્લી તા.૨૮-૦૪-૨૦૧૮

મુખ્ય ઈન્વોલ્વમૅન્ટ :-

- સંકલિત શિક્ષણ યોજના અંતર્ગત પાલિતાણા ખાતે માર્ગદર્શન, વર્ષ-૨૦૦૪
- જી.સી.ઈ.આર.ટી.ના વિશિષ્ઠ મોડ્યુલ ''મંથન'' માટે માર્ગદર્શન, મોડ્યુલ ડ્રાફટિંગ અને પરામર્શ, વર્ષ -૨૦૦૪
- જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગરના શિક્ષકો માટેના વિશિષ્ઠ મોડ્યુલ ''પથ દર્શન'' માટે માર્ગદર્શન અને મુખ્ય સંયોજક કમિટીના સભ્ય તરીકે સેવા આપી છે. વર્ષ-૨૦૦૭
- જૂનાગઢ ખાતે શિક્ષકો માટેની વિશિષ્ટ તાલીમમાં મુખ્ય સંયોજક તરીકે સેવા બજાવી, વર્ષ-૨૦૦૭
- અપંગતા વિષય પર સી.એચ.સી. અને પી.એચ.સી.ના મેડિકલ ઑફિસર માટે તાલીમ ઓર્ગેનાઇઝર

● ડી.પી.ઈ.પી.અને એસ.એસ.એ. ફાઉન્ડેશન કોર્સિસ માટે માર્ગદર્શન પૂરું પાડયું

● મારો મુદ્રાલેખ ●

''સૌમ્યતા જેટલું કશું જ સશક્ત નથી
વાસ્તવિક તાકાત જેટલું કશું જ સૌમ્ય નથી''

● મારો હેતુ ●

''વિકલાંગો માટે મૈત્રીપૂર્ણ વાતાવરણનું સર્જન કરવું''

| SR. NO | નામ | હોદ્દો |
|---|---|---|
| | **હોદ્દેદારો** | |
| ૧ | શ્રી શશીભાઇ આર. વાઘર | પ્રમુખ |
| ૨ | શ્રી અનંતભાઇ કે. શાહ | ઉપપ્રમુખ |
| ૩ | શ્રી કીર્તિભાઇ એસ. શાહ(દેવગાણાવાળા) | ઉપપ્રમુખ |
| ૪ | શ્રી લાભુભાઇ ટી. સોનાણી | જનરલ સેક્રેટરી |
| ૫ | શ્રી મહેશભાઇ સી. પાઠક | માનદ્‌મંત્રી |
| ૬ | શ્રી હર્ષકાંત પી. રાખશિયા | સહમંત્રી |
| ૭ | શ્રી પંકજભાઇ એન. ત્રિવેદી | ખજાનચી |

| SR. NO | નામ |
|---|---|
| | **અન્ય ટ્રસ્ટીઓ** |
| ૧ | શ્રી અનંતભાઇ એ. શાહ |
| ૨ | શ્રી જીતુભાઇ એન. ઉપાધ્યાય |
| ૩ | શ્રી નીલાબેન એલ. સોનાણી |
| ૪ | શ્રી ધીરુભાઇ જે. ધંધુકિયા |
| ૫ | શ્રી સુરેશભાઇ બી. ધાંધલિયા |
| ૬ | શ્રી પ્રદીપભાઇ એચ. દેસાઇ |
| ૭ | શ્રી સંજયભાઇ જે. સોનાણી |
| ૮ | શ્રી ભાવેશભાઇ જે. વાઘેલા |
| ૯ | શ્રી સજ્જનસિંહ એ. ગોહિલ(સુરપાલસિંહ) |

| SR. NO | નામ |
|---|---|
| રાષ્ટ્રીય અંધજન મંડળનાં અન્ય ટ્રસ્ટીઓ | |
| ૧ | શ્રી કનુભાઇ એમ. પટેલ |
| ૨ | શ્રી પરષોત્તમભાઇ એમ. લખાણી |
| ૩ | શ્રી ભાવેશ એસ. ગાંધી |
| ૪ | શ્રી હસમુખભાઇ જી. ધોરડા |

ચાલો સાથે સહિયારો પ્રયાસ કરીએ -

ટીપે ટીપે સરોવર ભરાય,

કાંકરે કાંકરે પાળ બંધાય.

## પ્રજ્ઞાચક્ષુઓના સર્વાંગી વિકાસની યાત્રામાં આપ નીચેની યોજનાઓ માટે આર્થિક સહયોગ કરી સહભાગી બની શકો છો.

| યોજનાની વિગત | રકમ |
|---|---|
| **શૈક્ષણિક સ્પોન્સરશિપ** | |
| ૧ વિદ્યાર્થી માટે વાર્ષિક શૈક્ષણિક સ્પોન્સરશિપ યોજના | ૧૧,૦૦૦/- |
| ૧ વિદ્યાર્થી માટે આજીવન શૈક્ષણિક સ્પોન્સરશિપ યોજના | ૧,૧૧,૦૦૦/- |
| **સહ અભ્યાસક પ્રવૃત્તિઓ માટે સ્પોન્સરશિપ** | |
| ૧ વિદ્યાર્થી માટે વાર્ષિક સહ અભ્યાસક સ્પોન્સરશિપ યોજના | ૫,૧૦૦/- |
| ૧ વિદ્યાર્થી માટે આજીવન સહ અભ્યાસક સ્પોન્સરશિપ યોજના | ૫૧,૦૦૦/- |
| **બાળ રમતવીરોને પ્રોત્સાહિત કરવા માટેની યોજના** | |
| પ્રજ્ઞાચક્ષુ બાળ રમતવીર વાર્ષિક યોજના | ૨,૫૦૦/- |
| **ગૃહસુશોભન, ગૃહ ઉદ્યોગ અને પ્રજ્ઞાચક્ષુ ગૃહિણીઓને હૉમ સાયન્સની તાલીમ માટેની યોજના** | |
| પ્રજ્ઞાચક્ષુ કન્યા કૌશલ્ય પ્રતિભા વાર્ષિક યોજના | ૩,૦૦૦/- |
| પ્રજ્ઞાચક્ષુ કુમાર કૌશલ્ય પ્રતિભા વાર્ષિક યોજના | ૩,૦૦૦/- |
| **પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓની વિવિધ કલા-સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળે તેવી યોજના** | |
| કલા-સાંસ્કૃતિક પ્રતિભા વાર્ષિક યોજના | ૨,૫૦૦/- |
| **સઘન તાલીમ અને સરકારશ્રી દ્વારા મંજુર નહીં થયેલ વિભાગનાં શિક્ષણ અને તાલીમક્ષેત્રે રોકેલ શિક્ષકો પાછળ થતા ખર્ચને પહોંચી વળવા માટેની સ્પોન્સરશિપ યોજના. (આ યોજન હેઠળ C.S.R. એકટ-૨૦૧૩ હેઠળ કંપનીઓ પણ દાન આપી શકે છે.)** | |
| વાર્ષિક ૧ શિક્ષાગુરુ માટેની સ્પોન્સરશીપ | ૧,૦૦,૦૦૦/- |
| કુલ શિક્ષા ગુરુની સખ્યા ૦૮ લેખે વાર્ષિક કુલ પ્રોજેકટ | ૮,૦૦,૦૦૦/- |

આ ઉપરાંત છાત્રાલયમાં રહી શિક્ષણ મેળવતા પ્રજ્ઞાચક્ષુ બાળકોને નીચેની વિગતે આપ ભોજન સહાય કરી શકો છો. રૂા.૫૦૦૦/-સાત્ત્વિક ભોજન અને રૂા.૧૦,૦૦૦/- મિષ્ટાન્ન સાથેનું ભોજન.

ઉપરોક્ત સહાય એક ટંકના ભોજન માટેની છે. છાત્રાલયમાં રહી અભ્યાસ કરતા બાળકોને સંસ્થા દ્વારા દિવસ દરમિયાન સવારનો ચા-નાસ્તો, બપોરનું ભોજન, બપોરના સમયે નાસ્તો અને સાંજનું ભોજન વિનામૂલ્યે આપવામાં આવે છે. એક દિવસનો નાસ્તો આપવા માટે રૂા.૨૫૦૦/-

આપશ્રી દાન આપવા માટે, ચેક કે ડ્રાફ્ટ થી તેમજ નીચે દર્શાવેલ બેંકની વિગતોનો ઉપયોગ કરી UPI (BHIM), NEFT/RTGS કે ઑનલાઈન ફંડ ટ્રાન્સફર દ્વારા પણ દાન આપી શકો છો. ચેક કે ડ્રાફ્ટ **'શ્રી કે. કે. સ્કૂલ ઍન્ડ હૉમ ફોર ધ બ્લાઈંડ-ભાવનગર'** નાં નામનો લખવો.

**બેંકની વિગત : દેના બેંક (બેંક ઑફ બરોડા)**
**તખ્તેશ્વર શાખા, ભાવનગર**
**ખાતાનં. ૦૭૨૬૧૦૦૦૧૧૦૮**
**IFCS CODE : BKDN0320726**

આપનું દાન ઈન્કમટેક્ષનાં કાયદાની કલમ 80-G હેઠળ કરમુક્ત છે.
આ ઉપરાંત ઉપરોક્ત યોજનામાં રૂપિયા એક લાખથી વધુનું દાન **C.S.R.** કંપની એક્ટ-૨૦૧૩ અંતર્ગત વાણિજય એકમો કે કંપનીઓ પણ આપી શકે છે.

:: વધુ માહિતી માટે સંપર્ક કરશો... ::




**શ્રી લાભુભાઈ સોનાણી (સંચાલક)**

શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળા,

નવા ફિલ્ટર સામે, વિદ્યાનગર, ભાવનગર

E-mail : kkbsbhavnagar@gmail.com

Ltsonani@gmail.com

Web : www.Ltsonani.com

www.kkblindschool.org

મો. ૯૩૭૬૬૮૮૫૮૪

ફોન : ૦૨૭૮-૨૪૨૩૯૧૭,

ફેક્સ : ૦૨૭૮-૨૫૧૭૦૨૫



R@TNA Printers